ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
અંક-૪૮, ઓક્ટોબર - નવેમ્બર ૨૦૧૮

# આપણું યુજીવીસીએલ




## યુજીવીસીએલએ મેળવ્યો આઈ.સી.સી. એવોર્ડ



નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન



વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી જી.ડી. જોષી



કોર્પોરેટ કચેરી મહેસાણા ખાતે ધનતેરસની પૂજાનું આયોજન

# આ અંકમાં

**અંક–૪૮**
**ઓક્ટોબર – નવેમ્બર ૨૦૧૮**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**સંરક્ષક**
શ્રી સ્વરૂપ પી., આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી એન. સી. મકવાણા, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in

## આ અંકમાં

### એવોર્ડ





» યુજીવીસીએલએ મેળવ્યો આઈ.સી.સી. એવોર્ડ... ૦૪

### ઉજવણી

» નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન.................. ૦૬

### વિદાય સમારંભ

» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી જી.ડી. જોષી, અધિક્ષક (હિસાબી) માટે યોજાયો વિદાય સમારંભ.......................... ૦૭

### સંક્ષિપ્ત સમાચાર

» કોર્પોરેટ કચેરી મહેસાણા ખાતે ધનતેરસની પૂજાનું આયોજન...................... ૦૮

### સ્પોર્ટ્સ

» ૧૩મી ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું મહેસાણા વર્તુળ કચેરી દ્વારા આયોજન............ ૦૮
» ૧૩મી ઇન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટનું વર્તુળ કચેરી પાલનપુરના યજમાન પદે આયોજન............... ૧૦
» ૧૩મી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું સાબરમતી વર્તુળ કચેરી દ્વારા આયોજન............ ૧૨
» હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે યોજાઈ ૧૩મી ઇન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ........ ૧૪

# સંદેશ



**આપણી કંપનીને પ્રતિષ્ઠિત સ્કોચ ગ્રૂપ દ્વારા નવીદિલ્હી ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમમાં ઓપરેશન મેનેજમેન્ટ અને સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ માટે બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન એનાયત કરવામાં આવ્યા છે. આપ સૌને મારા અભિનંદન.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

હજી હમણાં આપણે આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ રંગેચંગે દિવાળીનો તહેવાર ઉજવીને નૂતન વર્ષનું સ્વાગત કર્યું અને હવે ૨૦૧૮નું વર્ષ વિદાય લઈ રહ્યું છે અને આપણે આશાભર્યા ૨૦૧૯ના વર્ષના સ્વાગતની તૈયારીઓ કરી રહ્યા છીએ.

કેલેન્ડર પ્રમાણે તો વર્ષ બદલાતાં રહે પરંતુ વર્ષોવર્ષ આપણે જે કામગીરી કરીએ એ આપણી કંપનીનો એક આગવો ઇતિહાસ ઊભો કરતી હોય છે.

મને એ વાતનું અત્યંત ગૌરવ છે કે આપણી યુજીવીસીએલ કંપનીએ પાછલાં અનેક વર્ષોની જેમ, હવે વિદાય લઈ રહેલા ૨૦૧૮ના વર્ષમાં પણ યશસ્વી કામગીરી કરીને આપણી યશગાથામાં સંખ્યાબંધ નવાં એવાં પ્રકરણો આલેખ્યાં જે કંપનીના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

આપણી કંપનીએ વિશ્વસનીય વીજ વિતરણની દૃષ્ટિએ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે અને આ વર્ષે પણ નોંધપાત્ર અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી એવોર્ડ્ઝ મેળવવાની પરંપરા જાળવી રાખી છે.

'આપણું ગુજરાત'ના આ અંકમાં તમે જેની વધુ વિગતો મેળવશો તે પ્રતિષ્ઠિત આઈ.સી.સી. એવોર્ડ આપણે હમણાં જ મેળવ્યો. આપણી કંપનીને આ એવોર્ડ ઉદય પર્ફોર્મન્સની કેટેગરીમાં એનાયત થયો છે. એ ખાસ નોંધવા જેવું છે કે આપણી સાથે ગુજરાતની જ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડને પણ આ જ કેટેગરીમાં આઈ.સી.સી. એવોર્ડ એનાયત થયો છે.

આપ સૌ જાણતા જ હશો તેમ આ પ્રકારના પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝ વિવિધ ક્ષેત્રના વિદ્વાનો અને નિષ્ણાતોની બનેલી જ્યુરી દ્વારા અનેક માપદંડોના આધારે કંપનીની કામગીરીનું મૂલ્યાંકન કરીને પછી આપવામાં આવે છે. આપણી કંપનીને આ રીતે વિવિધ મંચ પર રાષ્ટ્રીય સ્તર જે ઓળખ મળી રહી છે તેના મૂળમાં આપ સૌની ઉચ્ચ કાર્યદક્ષતા અને કંપની તરફની કાર્યનિષ્ઠા છે. આપ સૌને હું હાર્દિક અભિનંદન આપું છું.

મને પૂરો વિશ્વાસ છે કે આવનારા વર્ષમાં પણ આપણે આપણી કાર્યપ્રતિબદ્ધતાને નવી ઊંચાઈઓ પર પહોંચાડીશું.

**સ્વરૂપ પી.**, આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલએ મેળવ્યો આઈ.સી.સી. એવોર્ડ

**ડો. સતીશ અગ્નિહોત્રી, ભૂતપૂર્વ સેક્રેટરીશ્રી, મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી, ભારત સરકારના શુભ હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.**

તા. ૧૪ નવેમ્બર ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને આઈ.સી.સી. એવોર્ડ - ઉદય પર્ફોર્મન્સ એવોર્ડની કેટેગરીમાં એનાયત થયેલ છે.

ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હોટલ લે મેરિડિયન, નવી દિલ્હી ખાતે યોજવામાં આવેલ ૧૨મી ઇન્ડિયા એનર્જી સમિટ ૨૦૧૮ દરમિયાન આ એવોર્ડ કંપની વતી ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન.સી. મકવાણા અને જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારીએ સ્વીકાર કર્યો હતો.

ડો. સતીશ અગ્નિહોત્રી, ભૂતપૂર્વ સેક્રેટરીશ્રી, મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી, ભારત સરકારના શુભ હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

‘‘છઠ્ઠી ઇનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડ્સ ફોર ડિસ્કોમસ ૨૦૧૮’’ અંતર્ગત આપણી કંપનીને ઉદય પર્ફોર્મન્સ એવોર્ડની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો છે, જેમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડને પણ આજ કેટેગરીમાં આઈ.સી.સી. એવોર્ડ એનાયત થયેલ છે.

શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, માનનીય મંત્રીશ્રી, પેટ્રોલિયમ, નેચરલ ગેસ, સ્કિલ ડેવેલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનીયરશીપ, ભારત સરકાર ને આ સમારંભ માટે અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શ્રી અનિલ રાઝદાન (રિટાયર્ડ IAS), ભૂતપૂર્વ સેક્રેટરીશ્રી, મિનિસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકાર અને પ્રેસિડેન્ટ, ઇન્ડિયા એનેર્જી ફોરમ તથા શ્રી રાજેશ પાંડે, IAS, ચેરમેન - મેનેજિંગ ડિરેક્ટર, વબઝદકલ ને આ સમારંભ માટે ખાસ આમંત્રણ






આપવામાં આવ્યું હતું.

શ્રી અનિલ રાઝદાન, ભૂતપૂર્વ કેન્દ્રીય ઊર્જા સેક્રેટરીશ્રી, ભારત સરકારના નેતૃત્વમાં નિમાયેલ વિશેષ જ્યુરી સભ્યોમાં સામેલ હતા-

- ડો. સતીશ અગ્નિહોત્રી, ભૂતપૂર્વ સેક્રેટરીશ્રી, MNRE, ભારત સરકાર
- શ્રી એમ.એ. પઠાણ - ભૂતપૂર્વ ચેરમેન, IOCL હાલમાં સ્ટ્રેટેજિક એડવાઈઝર, IOT ઈન્ફ્રાસ્ટ્રક્ચર

એનર્જી સર્વિસીસ લિમિટેડ

- શ્રી એચ.એલ. બજાજ – ભૂતપૂર્વ ચેરમેન, CEA, ભૂતપૂર્વ મેમ્બર (ટેક્નિકલ), અપિલેટ ટ્રિબ્યુયનલ ફોર ઈલેક્ટ્રીસીટી અને હાલમાં ઈન્ડિપેન્ડેન્ટ ડાયરેક્ટર, PTC લિમિટેડ
- શ્રી રાકેશ નાથ, ભૂતપૂર્વ ચેરમેન, CEA, ભૂતપૂર્વ મેમ્બર (ટેક્નિકલ), એપિલેટ ટ્રીબ્યુનલ ફોર ઈલેક્ટ્રીસીટી
- ડો. પ્રમોદ દેઓ, ભૂતપૂર્વ ચેરમેન, CERC
- મિસ નીરજા માથુર, ભૂતપૂર્વ ચેરપર્સન, CEA
- શ્રી આર.એન. નાયક, ભૂતપૂર્વ ચેરમેન – મેનેજિંગ ડાયરેક્ટર, પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ



- શ્રી સંજય જોશી – ડાયરેક્ટર, ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન
- શ્રી ડી.કે. જૈન – ભૂતપૂર્વ ડાયરેક્ટર (ટેક્નિકલ), NTPC લિમિટેડ
- શ્રી આલોક બ્રાર – CEO, પાવરલાઇન
- શ્રી અજિત ગુપ્તા – સિનિયર એડવાઈઝર, ICF અને ભૂતપૂર્વ એડવાઈઝર, MNRE, ભારત સરકાર

અધિક્ષક ઈજનેર (ટેક્નિકલ) શ્રી જે.કે. દરજીના નેતૃત્વમાં ટેક્નિકલ સેક્શન દ્વારા આ એવોર્ડ માટે નોમિનેશન મોકલવામાં આવ્યું હતું.

નામાંકન પ્રક્રિયામાં જણાવ્યા મુજબ કંપનીના ACS અને ARR ગેપ હતો -૦.૦૩ પૈસા પ્રતિ યુનિટ, જે ખૂબ જ ઉત્તમ કક્ષાનો કહી શકાય.

કંપનીએ ૧૦૦ % ડીટીસી મીટરિંગ કરેલ છે અને સરકારશ્રીની ઉજાલા સ્કીમ અંતર્ગત એલ.ઈ.ડી. બલ્બ, ટ્યુબલાઈટ તથા અન્ય વીજ ઉપકરણોના ઉપયોગ થકી વીજ બચત અને પૈસાની બચત અંગે નોંધપાત્ર જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરેલ છે.

કંપનીએ સ્માર્ટ મીટર પ્રોજેક્ટ નરોડા, અમદાવાદ ખાતે શરૂ કરેલ છે તેમજ એ.જી. ફીડર સેગ્રીગેશન કરેલ છે. કંપનીના AT&C કે T&D લોસ FY ૨૦૧૭-૧૮ દરમિયાન ૭.૭૬% હતા, જે દેશભર માં ઉત્કૃષ્ટ ગણી શકાય.

કેનેડા ખાતે યોજાયેલ વર્લ્ડ ચેમ્બર્સ કોમ્પિટિશનમાં આઈ.




સી.સી.એ પ્રસ્થાન સ્થાન મેળવીને એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સની વેબસાઈટ મુજબ કોલકાતા સ્થિત આઈ.સી.સી. એ દેશની અગ્રગણ્ય અને એકમાત્ર નેશનલ ચેમ્બર ઓફ કોમર્સ છે.

આઈ.સી.સી.ની સ્થાપના ૧૯૨૫માં શ્રી જી.ડી. બિરલા તથા અન્ય ઉદ્યોગપતિઓ દ્વારા થઇ હતી અને આઈ.સી.સી. એ સ્વતંત્રતા અભિયાનમાં નોંધપાત્ર કામગીરી નિભાવી હતી.

કેનેડા ખાતે યોજાયેલ વર્લ્ડ ચેમ્બર્સ કોમ્પિટિશનમાં આઈ.સી.સી.એ પ્રથમ સ્થાન મેળવીને એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ■



# નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન

કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓની આપ લે સાથે નવા વર્ષનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો.

નૂતન વર્ષના પ્રારંભે કંપનીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ એક બીજાને શુભેચ્છા સંદેશ પાઠવે તે ઉદ્દેશથી દરવર્ષે રિક્રિએશન ક્લબ મહેસાણા ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

જે મુજબ, તારીખ ૧૨-૧૧-૨૦૧૮ના રોજ નૂતન વર્ષના પ્રારંભે કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ જેવા કે ઇન ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નીકલ), શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી (શ્રી એન.એમ. જોષી), વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, નાયબ મહાપ્રબંધક (આઈ.આર.) શ્રી વી.એચ. અસારી, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ, શ્રી એ.એસ. ડામોર, ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર શ્રી ડી.એમ. બરવાડીયા, વર્તુળ કચેરી સાબરમતીના અધિક્ષક ઈજનેર શ્રી વી.એમ. શ્રોફ, વર્તુળ કચેરી પાલનપુરના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એ. ગઢવી, વર્તુળ કચેરી મહેસાણાના અધિક્ષક ઈજનેર શ્રી જી.એચ. એન્જીનીયર તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં, રિક્રિએશન ક્લબ મહેસાણા ખાતે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વેએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

કંપનીના ઇન ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન.સી. મકવાણા અને જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર.બી. કોઠારી દ્વારા ઉપસ્થિત કર્મચારીઓને નૂતન વર્ષની શુભેછાઓ પાઠવવામાં આવેલ. સ્નેહમિલન કાર્યક્રમના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ, કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓની આપ લે સાથે નવા વર્ષનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો. ■

# વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી જી.ડી. જોષી, અધિક્ષક (હિસાબી) માટે યોજાયો વિદાય સમારંભ







તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે અધિક્ષક (હિસાબી) તરીકે ફરજ બજાવતા શ્રી જી.ડી. જોષીની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે બપોરે ૪ વાગે કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી જી.ડી. જોષી વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસ માંથી ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના ઇન ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નીકલ), શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ), વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ, શ્રી એ.એસ. ડામોર, નાયબ મહાપ્રબંધક (આઈ.આર.) શ્રી વી.એચ. અસારી, ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર શ્રી બી.ડી. મોરી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી જી.ડી. જોષીને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી બી.ડી. મોરીએ પુષ્પગુચ્છથી શ્રી જી.ડી. જોષીને આવકાર્યા હતા. શ્રી જી.ડી. જોષીને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી એ.સી. પ્રજાપતિએ સન્માનિત કર્યા હતા. શ્રી પી.બી. પંડ્યાએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી જી.ડી. જોષીની સેવાઓને બિરદાવી હતી.

શ્રી એ.એસ. ડામોરએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી જી.ડી. જોષીને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી એન.સી. મકવાણાએ શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી જી.ડી. જોષીને સન્માન આપ્યું હતું.

સમારંભમાં શ્રી જી.ડી. જોષીએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યારબાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પુર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી જી.ડી. જોષીને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# કોર્પોરેટ કચેરી મહેસાણા ખાતે ધનતેરસની પૂજાનું આયોજન

દર વર્ષના જેમ પરંપરાગત રૂઢિ પ્રમાણે કંપનીની ઉત્તર ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે એકાઉન્ટ્સ વિભાગમાં ધનતેરસની પૂજાનું આયોજન કરવામાં આવ્યું.

નૂતન વર્ષ પૂર્વે કંપનીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ વચ્ચે અલૌકિક સદભાવના સ્થપાય તેવા શુભ ઉદ્દેશથી ધાર્મિક વાતાવરણ વચ્ચે દર વર્ષે યુજીવીસીએલની કોર્પોરેટ કચેરીના એકાઉન્ટ્સ વિભાગ ખાતે ધનતેરસની પૂજાનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તારીખઃ- ૦૫.૧૧.૨૦૧૮ના રોજ નૂતન વર્ષ પૂર્વે કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ જેવા કે ઈનચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નીકલ), શ્રી એન.સી. મકવાણા, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી (શ્રી એન.એમ. જોષી), વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ, શ્રી એ.એસ. ડામોર, ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર, શ્રી બી.ડી.મોરી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં કોર્પોરેટ કચેરી ખાતે એકાઉન્ટ્સ વિભાગમાં ધનતેરસ નિમિત્તે લક્ષ્મી પૂજાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સર્વેએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.





સદર પૂજા સંપન્ન થયા બાદ તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ વચ્ચે પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી અને આવતા નવા વર્ષ માટે સર્વેએ એકબીજાને અગ્રિમ શુભેચ્છાઓ પાઠવી હતી.

આમ, કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા આગામી નવ વર્ષની શુભેચ્છાઓ સાથે શુભેચ્છાઓની આપ-લે સાથે ધનતેરસની પૂજા ભક્તિમય વાતાવરણમાં ભાવસભર રીતે સંપન્ન કરવામાં આવી હતી.

# ૧૩મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું મહેસાણા વર્તુળ કચેરી દ્વારા આયોજન





તારીખ ૨૮-૦૭-૨૦૧૮થી ૨૯-૦૭-૨૦૧૮ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના યજમાન પદે ''શ્રી કોટયર્ક મંદિર'', આસ્થા ભવનની બાજુમાં, મહુડી ખાતે ૧૩મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર, સાબરમતી, મહેસાણા રજી. અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા વર્તુળ કચેરી અને હિંમતનગર વર્તુળ કચેરીના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જી. એચ. એન્જિનીયરના માર્ગદર્શન હેઠળ મહેસાણા વર્તુળ કચેરીના સહાયક સચિવ શ્રી એચ. એમ. પાંડોર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી પામેલ વિજેતા ખેલાડીઓની યાદી ટેબલમાં બતાવ્યા પ્રમાણે છે.

## ૧૩મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ પુરૂષ ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એસ. એ. નાયક | અધિક્ષક | વર્તુળ કચેરી, સાબરમતી | ચેમ્પિયન |
| શ્રી આર. બી. યાદવ | જુનિયર આસિસ્ટન્ટ | રજી. કચેરી, મહેસાણા | રનર્સ અપ |

## ૧૩મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ડી. યુ. શાહ | સિનિર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | ચેમ્પિયન |
| ડી. યુ. શાહ | સિનિર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | રનર્સ અપ |

## ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની પુરૂષ ખેલાડીઓની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એસ. એ. નાયક | અધિક્ષક | વર્તુળ કચેરી, સાબરમતી |
| ૨. | શ્રી આર. બી. યાદવ | જુનિયર આસિસ્ટન્ટ | રજી. કચેરી, મહેસાણા |
| ૩. | શ્રી આર. પી. મિસ્ત્રી | નાયબ ઈજનેર | ગ્રામ્ય પે.વિ.કચેરી, હિંમતનગર |
| ૪. | શ્રી એસ. એલ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કચેરી, ગાંધીનગર |
| ૫. | શ્રી જી. એસ. વોરા | નાયબ અધિક્ષક (હિસાબી) | પે.વિ.કચેરી, ઓગણજ |
| સ્ટેન્ડ બાય ખેલાડીઓ | | | |
| ૧. | શ્રી એચ. આર. નાયક | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.કચેરી, જગુદણ |
| ૨. | શ્રી એચ. એમ. પટેલ | નાયબ અધિક્ષક (હિસાબી) | શહેર-૧, પે.વિ.કચેરી |

## ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની મહિલા ખેલાડીઓની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | ડી. યુ. શાહ | સિનિર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી |
| ૨. | જે. બી. કેલા | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી-૧, ડીસા |
| ૩. | ડી. વી. ભૈરવીયા | જુનિયર પ્રોગ્રામર | ઇ.એમ.સી., ગાંધીનગર |
| ૪. | જે. એમ. રાઠોડ | સિનિર આસિસ્ટન્ટ | રજી. કચેરી, મહેસાણા |



ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઇનામ વિતરણ કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. આમ, મહેસાણા વર્તુળ કચેરીના યજમાનપદે ૧૩મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેંટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# ૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટનું વર્તુળ કચેરી પાલનપુરના યજમાન પદે આયોજન

૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટ, વર્તુળ કચેરી, પાલનપુરના યજમાન પદે હોટેલ ૪-વે, પાલનપુર ખાતે તારીખ ૨૦/૦૫/૨૦૧૮ના રોજ યોજવામા આવી હતી, જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણેના કોર્પોરેટ ઓફિસ તેમજ મહેસાણા અને હિંમતનગર વર્તુળ કચેરીઓના અધિકારીશ્રીઓ-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એ. ગઢવીના માર્ગદર્શન હેઠળ પાલનપુર વર્તુળ કચેરીના કાર્યવાહક સહાયક સચિવ શ્રી ટી. બી. બરંડાના તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.




ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં પાટણ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી સી.વી. જોશી અને પાલનપુર વર્તુળ કચેરીના કાર્યવાહક સહાયક સચિવશ્રી ટી.બી. બરંડાએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ તથા ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ.

### ૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર રજી. કચેરી મહેસાણાની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એન. પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | આઈ.ટી. સેક્શન, રજી. કચેરી, મહેસાણા |
| ૨. | શ્રી એન. આર. પટેલ | જુનિયર પ્રોગ્રામર | આઈ.ટી. સેક્શન, રજી. કચેરી, મહેસાણા |
| ૩. | શ્રી કે. આઈ. પટેલ | જુનિયર ઇજનેર | ક્યુસીસી સેલ રજી. કચેરી, મહેસાણા |
| ૪. | શ્રી બી. એ. પટેલ | જુનિયર ઇજનેર | ટેક્નીકલ સેક્શન, રજી. કચેરી, મહેસાણા |
| ૫. | શ્રી કે. બી. ચૌધરી | જુનિયર ઇજનેર | કોમર્સ સેક્શન, રજી. કચેરી, મહેસાણા |
| ૬. | શ્રી યુ. બી. ચૌહાણ | જુનિયર પ્રોગ્રામર | આઈ.ટી. સેક્શન, રજી. કચેરી, મહેસાણા |

### ૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વર્તુળ કચેરી મહેસાણાની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એ. કે. પટેલ | ડ્રાફ્ટસમેન | મહેસાણા વર્તુળ કચેરી |
| ૨. | શ્રી આર. એસ. મોઢ | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| ૩. | શ્રી આર. એન. મોઢ | નાયબ ઇજનેર | પાટણ વિભાગીય કચેરી |
| ૪. | શ્રી સી. વી. જોષી | કાર્યપાલક ઇજનેર | પાટણ વિભાગીય કચેરી |
| ૫. | શ્રી વી. સી. પટેલ | જુનિયર ઇજનેર | વિસનગર શહેર પેટાવિભાગીય કચેરી |
| ૬. | શ્રી એન. એમ. પટેલ | પટાવાળા | મહેસાણા વર્તુળ કચેરી |

## ૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર  વર્તુળ કચેરી હિંમતનગરની યાદી

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી કે. એલ. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | મોડાસા વિભાગીય કચેરી |
| ૨. | શ્રી બી. આર. શેઠ | જુનિયર આસિસ્ટન્ટ | મોડાસા વિભાગીય કચેરી |
| ૩. | શ્રી કે. સી. પુવાર | જુનિયર આસિસ્ટન્ટ | મોડાસા શહેર પેટાવિભાગીય કચેરી |
| ૪. | શ્રી વી. આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર વર્તુળ કચેરી |
| ૫. | શ્રી એસ. પી. જોષી | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર વર્તુળ કચેરી |
| ૬. | શ્રી બી. આર. વાઘમાસી | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર વર્તુળ કચેરી |

## ૧૩મી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી પામેલ વિજેતા ખેલાડીઓની યાદી નીચે મુજબ છે

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એ. કે. પટેલ | ડ્રાફ્ટસમેન | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૨. | શ્રી સી. વી. જોશી | કાર્યપાલક ઈજનેર | વિભાગીય કચેરી, પાટણ |
| ૩. | શ્રી આર. એન. મોઢ | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, પાટણ |
| ૪. | શ્રી આર. એસ. મોઢ | સિનિયર આસિસ્ટન્ટ | રૂરલ પે.વિ.કચેરી, મહેસાણા |
| ૫. | શ્રી કે. આઈ. પટેલ | જુનિયર ઈજનેર | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા |
| ૬. | શ્રી એન. પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા |
| સ્ટેન્ડ બાય ખેલાડીઓ | | | |
| ૧. | શ્રી વી. સી. પટેલ | જુનિયર ઈજનેર | સીટી, પે.વિ.કચેરી, વિસનગર |
| ૨. | શ્રી બી. આર. શેઠ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, મોડાસા |



આ ટુર્નામેન્ટમાં મહેસાણા વર્તુળ કચેરીની ટીમ ચેમ્પિયન બની હતી તેમજ કોર્પોરેટ ઓફિસ મહેસાણાની ટીમ રનર્સ અપ રહી હતી.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી સી.વી. જોશી અને શ્રી ટી.બી. બરંડાના વરદ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે  શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આમ, વર્તુળ કચેરી, પાલનપુરના યજમાન પદે ૧૩મી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■

# ૧૩મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું સાબરમતી વર્તુળ કચેરી દ્વારા આયોજન




તા. ૨૬/૦૫/૨૦૧૮થી ૨૭/૦૫/૨૦૧૮ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે વર્તુળ કચેરી કેમ્પસ, સાબરમતી ખાતે ૧૩મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર, સાબરમતી, મહેસાણા રજી. અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા વર્તુળ કચેરી અને હિંમતનગર વર્તુળ કચેરીના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ટુર્નામેન્ટનું

### ૧૩મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ પુરૂષ ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એમ. પી. ગઝેરા | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | સિંગલ ચેમ્પિયન |
| શ્રી એસ. એ. ઠાકોર | પટાવાળા | વર્તુળ કચેરી, સાબરમતી | સિંગલ રનર્સ અપ |
| શ્રી કે. એન. રાવલ | સિનિયર સ્ટેનો | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી એસ. એ. ઠાકોર | પટાવાળા | વર્તુળ કચેરી, મહેસાણા | |
| શ્રી એમ. પી. ગઝેરા | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી એન. કે. ખમાર | હિસાબી અધિક્ષક | વર્તુળ કચેરી, સાબરમતી | |

### ૧૩મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| એન. આર. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | પે. વી. કચેરી, શિહોરી | સિંગલ ચેમ્પિયન |
| ડી. પી. બેન્કર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સિધ્ધપુર | સિંગલ રનર્સ અપ |
| એન. આર. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | પે. વી. કચેરી, શિહોરી | ડબલ્સ ચેમ્પિયન |
| એચ. આર. શ્રીમાળી | જુનિયર આસિસ્ટન્ટ | પે. વી. કચેરી, સિધ્ધપુર (રૂ) | |
| એન. ટી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે. વી. કચેરી, સિધ્ધપુર (રૂ) | ડબલ્સ રનર્સ અપ |
| ડી. પી. બેન્કર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સિધ્ધપુર | |

## ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની પુરૂષ ખેલાડી ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એમ. પી. ગઝેરા | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી |
| ૨. | શ્રી એસ. એ. ઠાકોર | પટાવાળા, વર્તુળ કચેરી | સાબરમતી |
| ૩. | શ્રી કે. એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી |
| ૪. | શ્રી સી. કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૫. | શ્રી જે. એન. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૬. | શ્રી એન. કે. ખમાર | હિસાબી અધિક્ષક | વર્તુળ કચેરી, સાબરમતી |
| **સ્ટેન્ડ બાય ખેલાડીઓ** | | | |
| ૧. | શ્રી એમ. પી. ભીલ | પટાવાળા | વિભાગીય કચેરી, સિધ્ધપુર |
| ૨. | શ્રી એમ. એ. હિંગુ | સિનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા |

## ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની મહિલા ખેલાડી ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | એન. આર. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | પે. વી. કચેરી, શિહોરી |
| ૨. | ડી. પી. બેન્કર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સિધ્ધપુર |
| ૩. | પી. કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સિધ્ધપુર |
| ૪. | એચ. આર. શ્રીમાળી | જુનિયર આસિસ્ટન્ટ | પે. વિ. કચેરી, સિધ્ધપુર |
| **સ્ટેન્ડ બાય ખેલાડીઓ** | | | |
| ૧. | ડી. એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી |
| ૨. | એમ. પી. ભટ્ટ | નાયબ હિસાબી અધિક્ષક | રજી. કચેરી, મહેસાણા |




આયોજન સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી વી. એમ. શ્રોફના માર્ગદર્શન હેઠળ સાબરમતી વર્તુળ કચેરીના સહાયક સચિવ શ્રી એલ. એન. મહીડા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આમ, સાબરમતી વર્તુળ કચેરીના યજમાનપદે ૧૩મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■

# હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે યોજાઈ ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ

તારીખ ૧૪-૦૭-૨૦૧૮થી ૧૬-૦૭-૨૦૧૮ના રોજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના પૂર્વ આયોજિત કાર્યક્રમ પ્રમાણે ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ ૨૦૧૮-૧૯નું આયોજન ઉત્તર ગુજરાત વીજ કંપનીની હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે શામળાજી ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં જીયુવીએનએલ, જીસેક, જેટકો, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કુલ ૬૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જીયુવીએનએલ વડોદરાના પ્રતિનિધિ શ્રી બી. એ. શાહ



અને રજી.કચેરી, મહેસાણાના આઈ. આર. ઓ. શ્રી વી. એચ. અસારી હાજર રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ. એફ. ડાભીના માર્ગદર્શન હેઠળ મોડાસા ડિવિઝનના કાર્યપાલક

### ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ પુરૂષ ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એમ. એમ. ડેરીવાલા | ના. અધિક્ષક | સર્કલ ઓફિસ, જેટકો, જાંબુવા | સિંગલ ચેમ્પિયન |
| શ્રી આર. બી. ડાભી | સીની. આસી. | ટી. આર. સર્કલ ઓફિસ, જેટકો, ગોંડલ | સિંગલ રનર્સ અપ |
| શ્રી એ. કે. ગોહિલ | સીની. આસી. | કોર્પોરેટ ઓફિસ, જેટકો, વડોદરા | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી ડી. એન. જાડેજા | ઇલેક્ટ્રિશિયન | ૨૨૦ કે. વી. ટી. આર. સર્કલ, જેટકો, ગોંડલ | |
| શ્રી એમ. એમ. ડેરીવાલા | ના. અધિક્ષક | સર્કલ ઓફિસ, જેટકો, જાંબુવા | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી પી. આર. બોડાણા | ઈલે. આસી. | ૨૨૦ કે. વી. ટી. આર. સર્કલ ઓફિસ, જેટકો, જાંબુવા | |

### ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતિ એ. એમ. મોઢવાડિયા | નાયબ ઈજનેર | આર.એસ.ઓ., પીજીવીસીએલ, શાપુર | સિંગલ ચેમ્પિયન |
| શ્રીમતિ એ. એ. બેલીમ | જૂની. આસી. | સર્કલ ઓફિસ, પીજીવીસીએલ, પોરબંદર | સિંગલ રનર્સ અપ |
| શ્રીમતિ એ. એમ. મોઢવાડિયા | નાયબ ઈજનેર | આર. એસ. ઓ., પીજીવીસીએલ, શાપુર | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રીમતિ એમ. જે. જેઠવા | જૂની. આસી. | સિટી સર્કલ ઓફિસ, પીજીવીસીએલ, રાજકોટ | |
| કુમારી એસ. વાય. વોહરા | જૂની. આસી. | કોર્પોરેટ ઓફિસ, જેટકો, વડોદરા | ડબલ્સ રનર્સ અપ |
| શ્રીમતિ એસ. પી. પંડ્યા | સીની. આસી. | કન્સ્ટ્રક્શન ડિવિઝન ઓફિસ, જેટકો, જાંબુવા | |

## ઓલઈન્ડિયા ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ જીયુવીએનએલની પુરૂષ ખેલાડીઓની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એમ. એમ. ડેરીવાલા | ના. અધિક્ષક | સર્કલ ઓફિસ, જેટકો, જાંબુવા |
| ૨. | શ્રી આર. બી. ડાભી | સીની. આસી. | ટી. આર. સર્કલ ઓફિસ, જેટકો, ગોંડલ |
| ૩. | શ્રી એ. એ. બેગ | ઈલે. આસી. | અમરોલી પેટા વિભાગીય કચેરી, ડીજીવીસીએલ, સુરત |
| ૪. | શ્રી સી. એમ. પટેલ | આસી. લાઈનમેન | મોટાવરાછા પેટા વિભાગીય કચેરી, ડીજીવીસીએલ,સુરત |
| ૫. | શ્રી આઈ. જી. ગોહિલ | ઈલે. આસી. | મરોલી પેટા વિભાગીય કચેરી, ડીજીવીસીએલ, વલસાડ |
| ૬. | શ્રી આર. બી. ટાંક | સીની. આસી. | વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ખંભાળિયા |
| સ્ટેન્ડ બાય ખેલાડીઓ | | | |
| ૧. | શ્રી પી. આર. બોડાણા | ઈલે. આસી. | ૨૨૦ કે.વી. ટી. આર. સર્કલ ઓફિસ, જેટકો, જાંબુવા |
| ૨. | શ્રી એ. કે. ગોહિલ | સીની. આસી. | કોર્પોરેટ ઓફિસ, જેટકો, વડોદરા |

## ઓલઈન્ડિયા ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ જીયુવીએનએલની મહિલા ખેલાડીઓની ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતિ એ. એમ. મોઢવાડિયા | નાયબ ઈજનેર | આર. એસ. ઓ., પીજીવીસીએલ, શાપુર |
| ૨. | શ્રીમતિ એ. એ. બેલીમ | જૂની. આસી. | સર્કલ ઓફિસ, પીજીવીસીએલ, પોરબંદર |
| ૩. | શ્રીમતિ એમ. જે. જેઠવા | જૂની. આસી. | સિટી સર્કલ ઓફિસ, પીજીવીસીએલ, રાજકોટ |
| ૪. | શ્રીમતિ પી. કે. નાઈ | જૂની. આસી. | પેટા વિભાગીય કચેરી, ડીજીવીસીએલ, જલાલપોર |
| સ્ટેન્ડ બાય ખેલાડીઓ | | | |
| ૧. | શ્રીમતિ એમ. પી. પટોડિયા | ના. અધિક્ષક | ટી. આર. સર્કલ ઓફિસ, જેટકો, ગોંડલ |
| ૨. | શ્રીમતિ એસ. વાય. વોહરા | જૂની. આસી. | કોર્પોરેટ ઓફિસ, જેટકો, વડોદરા |






ઈજનેર શ્રી વી. એચ. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટના અંતે વિજેતા ખેલાડીઓ તેમજ રનર્સઅપ ખેલાડીઓમાં ટ્રોફી તથા ટી-શર્ટનું વિતરણ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ, હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે ૧૩મી ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■




# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in